ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૩ ટકા

# કલરવ બાલોત્સવ બાળકોના કલરવથી ગુંજી ઉઠયો






ગાંધીનગર, તા.૩
સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે ગાંધીનગરમાં અનેકવિધ કલાસંસ્થાઓ કાર્યરત છે. સમગ્ર વર્ષ દરમિયાન અભ્યાસુ પ્રવૃતિમાં વ્યસ્ત રહેતા વિદ્યાર્થીઓને વેકેશનમાં મસ્ત કરવા માટે શહેરમાં દર વર્ષે ગરમીના દિવસોમાં કલરવ બાલોત્સવનું આયોજન કરવામાં આવે છે. બાળકોની આંતરીક શકિતને નીખારવા તેમજ તેને સ્ટેજ પુરું પાડવા આ બાલોત્સવની ઉજવણી બાળકોના જીવન ઘડતરને નવી દિશા આપે છે. કલરવ બાલોત્સવમાં દરમિયાન કલા અને સંસ્કૃતિ ક્ષેત્રના નગરના નિષ્ણાંતો બાળકોની અંદર છુપાયેલી શકિતઓને ઢંઢોળવા માટે ઉમદા પ્રયાસ કરાય છે. આ વર્ષે પણ આ બાલોત્સવની ઉજવણીમાં નગરના ૧૧૦ બાળકોને વિવિધ કલાકૃતિઓ સંદર્ભે તાલિમ આપવામાં આવી રહી છે.

અત્યારે હાલના સમયે શહેરમાં સમર કેમ્પની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. શહેરની શાળાઓ સવારના સમયે બાળકોના કલરવથી ગુંજી ઉઠે છે. વેકેશનમાં બાળકોના સમયનો સદઉપયોગ થાય અને તેમનામાં રહેલી આંતરીક શકિતઓ ખીલી ઉઠે તેવા ઉમદા આશયથી સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરમાં એક દાયકાથી વધુના સમયથી કલરવ બાલોત્સવનું આયોજન કરવામાં આવે છે. પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સેકટર-૮ સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે સવારે ૭.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી કલરબ બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગત તા.૩૦ એપ્રિલથી તા.૧૨ મે સુધી સમર કેમ્પ યોજાશે. જેમાં બાળકોને નાટક, રાજસ્થાની ડાન્સ તેમજ ઘુમર, કથ્થક નૃત્ય, ભરત નાટયમ, પંજાબી ભાંગડા નૃત્ય સહિત સંગીતની તાલિમ આપવામાં આવે છે. દરેક બાળકને સવારના સમયે એક કલાક ફરજીયાત સંગીતની તાલિમ આપવામાં આવે છે. જયારે બાલોત્સવના તમામ બાળકોને સંસ્થા તરફથી દુધ-બિસ્કીટ તેમજ ફ્રુટી અને વેફર્સ વિના મુલ્યે આપવામાં આવે છે. કલરવ બાલોત્સવમાં તાલીમ મેળવીને તાલીમબધ્ધ થયેલા બાળકોનું નિદર્શન આગામી તા.૧૨ના રોજ સવારે ટાઉનહોલ ખાતે યોજાશે. જયારે ગ્રાન્ડ રીહર્સલ તા.૧૧ ના રોજ સવારના સમયે સેન્ટ ઝેવિયર્સ શાળા ખાતે યોજાશે. સંસ્થાના પ્રમુખ કમલ જૈન, સહિત સભ્યો આશા સરવૈયા, ડો. પિયુષ દવે, ભાવેશ એરડા, રાહુલ મહેતા, અનિલ જૈન, ડો. વર્ષા પારેખ, નરેશ ઠાકર, કલ્પના ઠાકર, જયશ્રી ખેતીયા, ઉમાબેન ભટ્ટ કલરવ બાલોત્સવને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સે-૧૪માં ત્રણ મકાનોના તાળા તુટયા

## એક મકાનમાંથી લાખ રૂપિયાની મત્તા સાફ

ગાંધીનગર, તા.૩
શહેરના સેકટર-૧૪ ખાતે સરદાર પટેલ હાઉસીંગ સોસાયટીમાં તસ્કર ટોળકીએ તરખાટ મચાવ્યો છે. ત્રણ ત્રણ મકાનોના તાળા તોડી તસ્કરોએ હાથ ફેરા કરી લીધા છે. એક મકાનમાંથી તસ્કરોના હાથમાં લાખ રૂપિયાનો મુદ્દામાલ આવી ગયો છે જયારે અન્ય બે મકાનોમાંથી કોઈ મોટી માલમત્તા તસ્કરોને હાથ લાગી ન હતી. સેકટર-૭ પોલીસે ઘરફોડ અંગે ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરુ કરી છે.

પાટનગરમાં માંડ તસ્કરોએ પોલીસને રાહતનો દમ લેવા દીધો હતો ત્યારે ફરી સે-૧૪માં એક સાથે ત્રણ ઘરફોડ ચોરી કરીને પોલીસને દોડતી કરી દીધી છે. સે-૧૪ સરદાર પટેલ હાઉસીંગ સોસાયટી, બ્લોક નં. ૧/૧૧ ખાતે રહેતા હિમાંશુભાઈ રતિલાલ ગજ્જર ૨૭ એપ્રિલે બહારગામ પરીવાર સાથે ગયા હતા. આજે સવારે તેમને ખબર પડી કે તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી તસ્કરો હાથ ફેરો કરી ગયા છે. મકાનમાં તપાસ કરતા તસ્કરો અંદરથી રૂ. ૮ હજાર રોકડ તથા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧.૦૨ લાખની મત્તા સાફ કરી ગયા હતા. તે ઉપરાંત આસપાસના અન્ય બે મકાનોને પણ તસ્કરોએ ટાર્ગેટ કર્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. પડોશી જયંતિભાઈ સાંકાભાઈ પ્રજાપતિ અને ગૌરાંગભાઈ જીતેન્દ્રભાઈ મલ્હોત્રા બંનેના મકાનોના દરવાજાના નકુચા તોડી અંદરથી ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે કાંઈ માલમત્તા ગઈ ન હતી. સે-૭ પોલીસે હિમાંશુભાઈની ફરિયાદ લઈ ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત અને ડૉગ સ્કવોર્ડ બોલાવી વધુ તપાસ શરુ કરી છે.

# ભાઈજીપુરા પાટીયાથી-પીડીપીયુ સુધીના માર્ગ પર અંધારપટ

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર શહેરથી અમદાવાદ માર્ગ પર આવેલા અને ન્યુ ગાંધીનગરના ક્રીમ એરીયા ગણાતા પીડીપીયુ માર્ગ પર છેલ્લા અઠવાડીયાથી અંધારપટ છવાયો છે. આ વિસ્તારમાં હજ્જારો નાગરીકો તેમજ નેશનલ કક્ષાના ઈન્સ્ટીટયુટ આવેલા હોવાથી વિદ્યાર્થીઓ આવન-જાવન કરે છે. ત્યારે રાત્રીના સમયે લાઈટ ન હોવાથી આ માર્ગ પર નાગરીકો અને વિદ્યાર્થીઓને ચોરી તેમજ અસામાજીક તત્વોનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિક નાગરીકોએ તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા લાઈટો શરુ ન થતા નાગરીકોમાં પણ રોષ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર-અમદાવાદ ટ્વીન સીટી બનવા તરફ હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે ન્યુ ગાંધીનગરમાં પણ લાખો નાગરીકો વસવાટ કરે છે. સોસાયટી, ફલેટ, બંગ્લોઝ, સહિત ઢગલાબંધ મકાનો તૈયાર થઈ જતા ન્યુ ગાંધીનગર વિસ્તાર રાત્રીના સમયે પણ ધમધમી રહ્યો હોય છે ત્યારે શહેરમાં પીડીપીયુ અને જીએનએલયુ યુનિવર્સિટી જે માર્ગ પર છે ત્યાંથી રોજના હજ્જારો વિદ્યાર્થીઓ તેમજ નાગરીકો પસાર થાય છે. આ યુનિવર્સિટીમાં ભારતભરના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જયારે વિદ્યાર્થીઓ તેમજ નાગરીકોને અમદાવાદ કે ગાંધીનગર જવુ હોય તો ભાઈજીપુરા પાટીયા પર તો આવવું જ પડે છે. ત્યારે રાત્રીના સમયે આ માર્ગ પર લાઈટના હોવાથી નાગરીકો તેમજ વિદ્યાર્થીઓ ડર અનુભવી રહ્યા છે. આ માર્ગ રાત્રીના સમયે સુમસામ હોવાથી અસામાજીક તત્વોનો તેમજ ચોરીનો ભય સતત સ્થાનિકોને સતાવી રહ્યો છે. જયારે વિજપોલ દિવસે શરુ હોય છે અને રાત્રીના સમયે બંધ થઈ જાય છે આવી કરૂણતા હોવા છતા તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. નાગરીકો દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક ફરિયાદ કરવા છતા અત્યાર સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે લાઈટ કયારે શરુ થશે તેની રાહ વસાહતીઓ જોઈને બેઠા છે. ત્યારે દસ દસ દિવસથી અંધારપટનો સામનો કરી રહેલા નાગરીકોમાં રોષ ભભુકી ઉઠયો છે. તંત્ર દ્વારા ઝડપી તાત્કાલીક અસરથી આ વિસ્તારના માર્ગની લાઈટ શરુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## વાતવાતમાં

● ન્યુ ગાંધીનગરના વિસ્તારમાં રહેતી એક યુવતીએ તેનો મોબાઈલ ફોન વેચવા ફેસબુક પર પોસ્ટ મુકી હતી. જેને કોઈ ટોળકીએ કોપી કરી તેના ફોટા સાથે અન્ય ગૃપમાં મુકી તેના પર દ્વીઅર્થી કોમેન્ટસ કરવા માંડી હતી. આ કારણથી ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલી યુવતિએ અંતે પોલીસની મદદ માંગતી અરજી કરી છે.

# ગૌણ સેવા પસંદગી મંડળે જાહેર કરેલા કલાર્કના વેઈટીંગ લીસ્ટમાં સેટીંગની આશંકા!

ગાંધીનગર, તા.૩
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા થોડા સમય અગાઉ લેવાયેલી બિન સચિવાલય કલાર્કની ભરતી માટેનું વેઈટીંગ લીસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું અને વેઈટીંગ લીસ્ટમાં નામ ધરાવતા ઉમેદવારો માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં મંડળ દ્વારા કયાંક વ્હાલા દવલાની નીતિ અપનાવાઈ રહી હોવાની આશંકાઓ સેવાઈ રહી છે તેવી ફરિયાદો ઉમેદવારો ઉઠાવી રહ્યા છે. લાંબા સમય બાદ વેઈટિંગ લીસ્ટ ઓપન કરવા પાછળ અનેક શંકા-કુશંકા એ ચર્ચા જગાવી છે.

> ગૌણ સેવા મંડળે પ્રતિક્ષા યાદી લાંબા સમય બાદ કેમ જાહેર કરી? શું કોઈ સેટીંગ કરવા માટે આ યાદી બહાર પાડવામાં આવી છે કે શું તેવી ચર્ચા હાલ ઉમેદવારોમાં થઈ રહી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭માં મોટા પ્રમાણમાં બિન સચિવાલય કલાર્કની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં સફળ થનાર ઉમેદવારોને નોકરીના ઓર્ડર પણ આપવામાં આવ્યા હતા જે ઉમેદવારો હાલ નોકરીના સ્થળો પર ફરજ બજાવી રહ્યા છે. થોડા દિવસો અગાઉ ગૌણ સેવા મંડળે આજ બિન સચિવાલય કલાર્કની જગ્યાઓ માટે ૭૭૦ ઉમેદવારોનું વેઈટીંગ લીસ્ટ જાહેર કર્યું હતું અને ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે બોલાવ્યા હતા પરંતુ ગૌણ સેવા મંડળે કુલ ૭૭૦ વેઈટીંગ લીસ્ટમાં નામ ધરાવતા ઉમેદવારો સામે વધુ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે બોલાવ્યા હોવાની શંકાઓ ઉમેદવારોમાં સેવાઈ રહી છે ત્યારે મંડળ નિયમ અનુસાર પારદર્શક ભરતી પ્રક્રિયા કરે તેમ ઉમેદવારો કહી રહ્યા છે.

# લીંબડીયા કેનાલમાં છલાંગ મારનાર યુવતીનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૩
ડભોડા નજીક લીંબડીયા કેનાલ બહાર ગઈ કાલે બપોરે એક યુવતીએ તેનું એકટીવા મુકીને પડતું મુકી દીધું હતું. ગઈ કાલથી યુવતીની કેનાલમા શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન આજે બપોરે કરાઈ નર્મદા કેનાલમાંથી યુવતીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. નવા નરોડા ખાતે રહેતી આ યુવતીએ પરીક્ષા બાબતે પરિવારના સભ્યોએ આપેલા ઠપકાથી કંટાળી આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તબક્કે પોલીસને જાણવા મળ્યું છે. ડભોડા પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.



લીંબડીયા કેનાલ બહાર એકટીવા પાર્ક કરીને એક યુવતીએ કેનાલમાં છલાંગ લગાવી દીધી હતી. આ ઘટનાની જાણ થતા તેણીના પરિવારજનો સ્થળ પર આવી ગયા હતા અને બહિયલના તરવૈયાઓ દ્વારા કેનાલમાં ગઈ કાલથી શોધખોળ ચાલી રહી હતી. દરમિયાન કરાઈ કેનાલમાંથી આજે યુવતીનો મૃતદેહ મળી આવતા ડભોડા પોલીસે મૃતદેહ કઢાવી મૃતદેહ પી.એમ. કરાવી તપાસ શરુ કરી છે. મળતી વિગત મુજબ આ ૧૮ વર્ષીય યુવતી નવા નરોડાના પનાશીયા રેસીડેન્સીમાં મકાન નં. બી ૧૦૧માં રહતી રવિના ગોવિંદભાઈ પ્રજાપતિ હતી. પરીક્ષામાં નબળા ગયેલા પેપરો બાબતે વાલીએ ઠપકો આપતા તેણીને લાગી આવ્યું હતું અને ઘરેથી નીકળી ગઈ હતી તેવું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે આપઘાતની વધુ તપાસ આરંભી છે.

# સ્વચ્છતાના અભાવે ઘ-૫ ફુડ કોર્ટનો બગીચો ખંડેર

ગાંધીનગર, તા.૩
શહેરના સેકટર-૧૬ સ્થિત ઘ-૫ ખાણીપીણી બજારની વચ્ચે આવેલ બગીચો દુકાનના વેપારીઓની બેદરકારીને કારણે ખંડેર અને ગંદકીયુકત બન્યો છે. વેપારીઓ દરરોજ જાતજાતનો કચરો અને એંઠવાડ ફેંકી સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાવી આરોગ્ય સામે ખતરો પેદા કરી રહ્યા છે.

શહેરના સેકટર-૧૬માં ઘ-૫ નજીક સ્થાનિક તંત્ર દ્વારા ઉભી કરવામાં આવેલ ફુડ કોર્ટના વેપારીઓ દ્વારા જાળવણી અને સ્વચ્છતાના અભાવે ખંડેર બની ગયું છે. વેપારીઓ દરરોજ ખાણી પીણીનો વધેલો અને સડેલો ખોરાક અને એંઠવાડ રૂપે ફુડ કોર્ટમાં આવેલા બગીચામાં નાંખી ગંદકી ફેલાવી રહ્યા છે. ખંડેર બની ગયેલા આ બગીચામાં એંઠવાડ અને કચરો નખાતા પશુઓ પણ અહીં જ અડ્ડો જમાવી એંઠવાડ આરોગતા નજરે પડે છે. વેપારીઓ ગંદકી ફેલાવી ખાણીપીણીના શોખીનના આરોગ્ય સામે ખતરો પેદા કરી રહ્યા છે ત્યારે સ્થાનિક તંત્ર આ વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરી ખંડેર બગીચો ફુડકોર્ટના વેપારીઓ પાસે જ સાફ કરાવે તે જરુરી છે.

# જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર તથા સાહેલીનો શપથવિધિ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૩
જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલીનો શપથવિધિ સમારોહ અતિથિ ધાબા ખોરજ ગામ ખાતે યોજાયો હતો. જેમાં બંને ગ્રુપના વર્ષ ૨૦૧૮માં જોડાયેલા હોદ્દેદારોને સમીરભાઈ શર્માએ સોગંદ લેવડાવ્યા હતા.

આ શપથવિધિ સમારોહમાં જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના ફેડરેશન ૩ સીના પ્રમુખ વ્રજેશભાઈ ભાવસાર ઉપપ્રમુખ સમીર શર્મા, જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન મુંબઈના સ્પે. કમિટી મેમ્બર કાન્તિભાઈ પટેલે હાજરી આપી હતી. કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૮માં નવા જોડાયેલ મેમ્બરને યુનિટ ડાયેરકટર બી.એમ. પટેલે જાયન્ટસને ઉજગર કરવા તથા છેવાડાના ગામના ગરીબો સુધી સેવાકીય પ્રવૃત્તિ થાય તે માટે સગંદ લેવડાવ્યા હતા. મેઈન ગ્રુપના પૂર્વ પ્રમુખ ભરતભાઈ પટેલ તથા સાહેલી ગ્રુપના પ્રમુખ પારૂલબેન પટેલે વર્ષ ૨૦૧૭માં કરેલ સેવાકીય કામગીરીની વિગતો આપી હતી જયારે પ્રમુખ વસંતભાઈ પટેલે ભવિષ્યમાં કરવામાં આવનાર જુદી જુદી સેવાકીય પ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ, માધુભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, બાબુભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

# ટ્રક અને બસ વચ્ચેથી બાઈક નિકાળવા જતા યુવાન મોતને ભેટયો

## ઝુંડાલ બસ સ્ટેન્ડ પાસે બની ઘટના : ચાંદખેડાના ૨૦ વર્ષીય બાઈકચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩
અમદાવાદના ચાંદખેડા વિસ્તારનો યુવાન ગઈ કાલે ઝુંડાલ રોડ પરથી બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે ઝુંડાલ બસ સ્ટેન્ડ નજીક બસ અને ટ્રકની વચ્ચેથી બાઈક નિકાળવા જતા તેના બાઈકને અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બાઈક ચાલક ૨૦ વર્ષીય યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે ચાંદખેડાના શ્રીચરણ રેસીડેન્સીમાં રહેતો ૨૦ વર્ષીય યુવાન ધવલ રમેશચંદ્ર ચૌહાણ જીજે ૧૮ડીબી ૦૫૨૨ નંબરનું બાઈક લઈને ઝુંડાલ બસ સ્ટેન્ડ રોડ પરથી પસાર થતો હતો. તે દરમિયાન અચાનક તેના બાઈક સાથે અકસ્માત સર્જાતા તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટના અંગે મૃતકના બનેવી ભરતકુમાર જીવણભાઈ સોલંકી (રહે. સે-૨-સી પ્લોટ નં. ૧૫૦૪/૨)ની ફરિયાદ આધારે અજાણ્યા વાહનચાલક સામે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી ઉંડી તપાસ શરુ કરી હતી. આ ઘટના અંગે પોલીસના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તે યુવાન બસ અને ટ્રકની વચ્ચેથી બાઈક નીકાળવા જતો હતો તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો અને બાઈક ટ્રકના પાછળના ટાયરે આવી ગયું હતું. જો કે તે દિશામાં પણ પોલિસે ઉંડી તપાસ આરંભી છે.

## આવતીકાલે ગાંધીનગર ખાતે ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૩
જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી એપ્રેન્ટીસ તાલીમ યોજના અંતર્ગત વિવિધ એકમોમાં એપ્રેન્ટીસોની બેઠકો તેમજ વિવિધ પોસ્ટ માટે સીધી જગ્યાઓ ભરવા માટેનો એપ્રેન્ટીસ અને રોજગાર ભરતી મેળાનું આયોજન તા. ૫મી મે, ૨૦૧૮ ના રોજ સવારના ૧૦.૦૦ થી ૦૨.૩૦ કલાક દરમિયાન બલરામ મંદિર પરિસર હોલ, કલેકટર કચેરી સામે, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ધોરણ-૧૦ અને ૧૨ પાસ, ગ્રેજ્યુએટ ઉમેદવારો ભાગ લઈ શકશે. આ યોજનામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને તેઓના પ્રમાણપત્ર અને આધારકાર્ડની અસલ નકલ તથા ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સ્થળ ઉપર ઉપસ્થિત રહેવાનું રહેશે, તેવું રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# ચિલોડામાં લકઝરી બસના સામાનથી વિજ થાંભલો ધરાશાયી

## જીવંત વાયરો તુટી માર્ગ ઉપર પડયા પરંતુ પરોઢીયે બનેલી ઘટનાથી જાનહાની ટળી : વિજકંપનીએ તાત્કાલિક વિજપ્રવાહ બંધ કર્યો

ગાંધીનગર, તા.૩
ચિલોડામાં દૈનિક હજારો વાહનોની અવરજવર રહે છે. દરમિયાન હાલ ફલાયઓવર બ્રિજનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. જેથી આવનજાવન માટે બે બાજુ માર્ગો ચાલુ રાખવામાં આવ્યા છે. આ માર્ગની બાજુમાં કાચા માર્ગ પણ છે. જેમાં હિંમતનગર તરફ જવાના કાચા માર્ગે બુધવારે વહેલી પરોઢે એક લકઝરી બસ પસાર થઈ રહી હતી. આ બસમાં ઉપર મોટી માત્રામાં સામાન હતો જે ઉપરથી પસાર થતા જીવંત વાયરોને અડી જતા વાયરો સામાનમાં ફસાઈ ગયા હતા અને લકઝરી બસના ચાલકનું ધ્યાન ન જતા વાયર ખેંચાતા તે સાથેનો વિજ થાંભલો ધરાશાયી થયો હતો. હાજર લોકોએ બુમાબુમ કરી મુકતા લકઝરી ચાલક સમય સુચકતા વાપરીને મુસાફરો સાથેની બસને બચાવી લેવામાં સફળ થયો હતો.

ચિલોડામાં બુધવાર વહેલી સવારે બનેલી અપ્રિય ઘટનામાં મોટી જાનહાની થતા ટળી ગઈ હતી. લકઝરી બસના છાપરે મોટી માત્રામાં ગોઠવેલા સામાનમાં વિજળીના તાર ફસાઈ જતા વિજ થાંભલો ધરાશાયી થયો હતો તેમજ જીવંત વિજતારો માર્ગ ઉપર પડયા હતા. લકઝરી બસ ચાલકે સમય સુચકતા વાપરી અને ઝડપભેર બસ હંકારી મુકતા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો અને વહેલી પરોઢ હોવાથી અવરજવર ઓછી હોવાને કારણે અન્ય અકસ્માત સર્જાતા બચી ગયો હતો. દરમિયાન વિજ કંપનીને પણ જાણ કરાતા તાત્કાલીક વિજ પુરવઠો બંધ કરી દેવાયો હતો. વિજ થાંભલો તેમજ વિજવાયરો નાંખવાની કામગીરી દરમિયાન બીજા દિવસ બપોર સુધી વિજ પુરવઠો ખોરવાયેલો રહેતા કાળઝાળ ગરમીમાં લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. જો કે બપોર બાદ વીજળી ચાલુ થતા લોકોએ રાહત અનુભવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસની રહેમ નજર હેઠળ આજ લકઝરી બસો ઉપર મુસાફરોને પણ બેસાડીને લઈ જવાય છે જો આ ઘટના મુસાફરો સાથે બની હોત તો તે કલ્પના જ ધ્રુજાવી મુકે છે. હાલમાં પણ આ સ્થળે અનેક ખાનગી વાહનો ઘેટાં-બકરાંની જેમ મુસાફરોને લઈ જાય છે છતાં સ્થાનિક પોલીસ કોઈ જ કાર્યવાહી કરતી નથી જે ભવિષ્ય માટે ખતરાનો સંકેત છે.



## ચિરવિદાય

- સ્વ. ડાભી શૈલેશજી જવાનજી, ઉ.વ. ૨૬
- સ્વ. ભવાનસિંહ પુંજાજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. સોલંકી છગનલાલ મુળજીભાઈ, ઉ.વ. ૭૪
- સ્વ. શકરીબેન રઈજીજી ઠાકોર, ઉ.વ. ૪૮
- સ્વ. પટેલ કાનજીભાઈ શામળદાસ, ઉ.વ. ૭૫